# ભારતીય કિસાન સંઘ,ગુજરાત પ્રદેશ


## બલરામ મંદિર પરીસર
## સેકટર–૧૨/ડી,ઘ–રોડ
## ઉમીયા મંદિર સામે, ગાંધીનગર
## ફોનઃ–૦૭૯ ૨૩૨ ૨૧૯૭૬ / ૨૩૨ ૨૪૯૧૬

**Email-bksgujarat1985@gmail.com / Website-www.bksgujarat.org.in**


---

**:– અખબારી યાદી :–** તા.૧૧/૯/૨૦૧૬

- ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશની વિશેષ કારોબારી બેઠક યોજાઈ.
- "વાદા કિયા હૈ વાદા નિભાવો" ના કેન્દ્ર સરકારને ઠરાવો બાદ હવે ભારતીય કિસાન સંઘ,દ્વારા "કિસાનો કે લીયે સસંદ કા સત્ર બુલાયા જાયે" એવા ઠરાવો ગામેગામ થી હસ્તાક્ષર કરીને લોકસભાનાં અધ્યક્ષનેઅપાશે.
- તમામ જીલ્લાના સંસદોને પણ મળીને આ અંગે તાકીદ કરાશે.
- ચાલુ સાલે મગફળી–કપાસ ના મુંડા સહિતના નુકસાન અંગે સરકાર સમક્ષ તાકીદે સહાય કે પાકવીમા અંગે વિચારણા કરવા રજુઆત.
- વરસાદે એક સાથે વિદાય લેતા ચોમાસુ પાકો ને બચાવવા ખેતીમાં વધારે વિજળી આપવા ભારતીય કિસાન સંઘની માંગણી.
- ગ્રામ કક્ષાના સંગઠનને મજબુત કરીએ પૂર્ણ સંગઠન થી જ કિસાનોની સમસ્યાઓના સમાધાન તરફ જઈ શકાશેઃ–મા.દિનેશજી કુલકર્ણી.

---

ભારતીય કિસાન સંઘ,ગુજરાત પ્રદેશ કારોબારી ની એક વિશેષ બેઠક બે દિવસ માટે ગાંધીનગર ખાતે યોજાઈ જેમાં ૨૮ જીલ્લાના ૧૨૦ પ્રતિનિધીઓ એ હાજરી આપી હતી.રાષ્ટ્રીય સંગઠનમંત્રી મા.દિનેશજી કુલકર્ણી ના સંગઠનલક્ષી પ્રવાસ અંતર્ગત યોજાયેલ બેઠક માં સંગઠન સંરચના ,રચનાત્મક અને સાંપ્રત કૃષિ સમસ્યાઓ ઉપર વિસ્તૃત વિચારણા હાથ ધરવામાં આવી હતી.અને આગામી સમયમાં સમગ્ર દેશભરમાં ચાલનાર હાલજ યોજાયેલ કેન્દ્રીય પ્રબંધ સમિતીમાં પારિત થયેલ ઠરાવની નકલો ગુજરાતમાં થી પણ હજારો ગામોમાંથી લોકસભાના અધ્યક્ષ શ્રીમતિ સુમિત્રા મહાજનજી ને મોકલવામાં આવશે .અને કિસાનો માટે ખાસ સંસદ સત્ર બોલાવવાની માંગણી કરાશે–આ કાર્યક્રમ આગામી તા.૨૦ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૬ સુધી ગ્રામસભા હસ્તાક્ષર કરીને તાલુકા/જીલ્લા દ્વારા તમામ ઠરાવો પ્રદેશમાં એકત્ર કરીને કેન્દ્રમાં મોકલવામાં આવશે.તા.૧૬/ઓકટોબરના રોજ તમામ જીલ્લાના પ્રતિનિધીઓ પોત પોતાના સંસદ સભ્યોને રૂબરુ મળીને આ ઠરાવ તથા અન્ય સમસ્યાઓથી વાકેફ કરશે.

ચાલુ સાલે મગફળી–કપાસ જેવા પાકોમાં થયેલા કુદરતી પ્રકોપ –જીવાતથી થયેલા નુકસાન અંગે પણ તત્કાલ રાજય સરકાર દ્વારા પગલા લઈ સહાય કે વીમા યોજના દ્વારા સહાય મળવા સર્વે કરવો તેવી રજુઆત કરવામાં આવશે.

બેઠકમાં –સહ સંગઠન મંત્રી ગજેન્દ્રસિંહ ,પ્રદેશ સંગઠનમંત્રી અશોકભાઈઅગ્રણી મા.જીવણદાદા ,શ્રી અંબુભાઈ પટેલ ,રા.ઉપાધ્યક્ષ,પ્રદેશ અધ્યક્ષ મગનભાઈ પટેલ તેમજ અન્ય પદાધિકારીઓ હાજર રહયા હતા.

ભવદીય,
વિઠ્ઠલ દુધાત્રા
પ્રદેશ મહામંત્રી
ભારતીય કિસાન સંઘ.